# જાહેરનામું

**ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩(૧૯૭૪ ના નં.૨) ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ હુકમ**

**નંબર : વિ.શા./જાહેરનામું/એ-સેકશન/પરમીટ/૨૨૯/૨૦૧૯**

અમદાવાદ મહાનગર પાલિકાની પેટા ચુંટણી તા.૨૨/૧૦/૨૦૧૯ અન્વયે કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ ની રાજયના ચુંટણીપંચ અમદાવાદ તા.૨૪.૦૯.૨૦૧૯ ની સુચના પત્ર દ્વારા આદેશો બહાર પાડવામાં આવેલ છે.આથી આ ચુંટણી અંગેના પ્રકાશનો, પોસ્ટરોના છાપકામ સંબધમાં મુદ્રક તથા પ્રકાશકે લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૨૭(એ) ની જોગવાઈઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે. જે અન્વયે

હું એ.કે સિંઘ, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ થી મને મળેલ અધિકારની રૂએ નીચે પ્રમાણે ફરમાવું છું.

(૧) કોઈપણ વ્યકિત ચુંટણીને લગતાં પોસ્ટરો, પેમ્પ્લેટ કે, પ્રકાશનો વિગેરેમાં પોતાનું નામ- સરનામું મુદ્રકનું અને પ્રકાશકનું નામ તેમજ પ્રત સંખ્યા સ્પષ્ટ રીતે મુખપૃષ્ઠ ન હોય તો છાપકામ કે પ્રકાશન કરી શકશે નહી.

(૨) કોઈપણ વ્યકિત ચુંટણી સાહીત્યનુ પ્રકાશન કરી શકશે નહી.

**સિવાય કે**

(અ) ચુંટણીને લગતાં પોસ્ટરો, પેમ્પ્લેટ કે પ્રકાશનો છાપવાં માટે નિયત કરેલ ફોર્મમાં બે નકલમાં અંગત રીતે ઓળખતા હોય તેવા બે સાક્ષીઓની સહી સાથે છપાવનાર ડેકલેરેશન મુદ્રકનું આપેલ હોય અને

(બ) ત્રણ દિવસના સમયની અંદર જ આવી ડેકલેરેશનની નકલો તથા છાપવાના સાહીત્યની ચાર નકલો, બીલની નકલ સાથે જે જ્ગ્યાએ છાપકામ કરેલ હોય તે જિલ્લાનાં જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીને મોકલવાની રહેશે.

(૩) આ કલમની વ્યાખ્યા મુજબ

(એ) કોઈપણ દસ્તાવેજની એક થી વધુ નકલો છાપવામાં કે લીથો, પ્રિન્ટર કે યાંત્રીક કે વિજાણું સાધનો કે કોમ્પ્યુટરનો ઉપયોગ કરીને કાઢવામાં કે હાથથી નકલો કરવામાં આવે તે તમામને છાપકામમાં ગણવામાં આવશે અને

(બી) ચુંટણીને લગતા પેમ્પ્લેટ, પોસ્ટરો, કે પ્રકાશનો એટલે કે, કોઈપણ ઉમેદવાર કે ઉમેદવારોની પાર્ટી અથવા ગમે તે પ્લેકાર્ડ અથવા પોસ્ટરો કે ચુંટણીની સંલગ્ન બાબતોનો ઉલ્લેખ થતો હોય જેને વહેંચવાથી આચાર સંહિતાનો ભંગ થતો હોય તેવા લખાણો જેમાં ચુંટણીની તારીખ, સમય અને ચુંટણીને લગતા એજન્ટ, કાર્યકર ને લગતી સુચનાઓનો સમાવેશ થાય છે.

ઉપર જણાવ્યા મુજબ લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૨૭ (એ) જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કોઈપણ વ્યકિત, ઉમેદવાર, પાર્ટી એજન્ટ, કાર્યકર કે પ્રિન્ટીંગ પ્રેસના માલીક, મુદ્રકે કરવાનું રહેશે. આ જોગવાઈઓનો ભંગ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. તેમજ પ્રેસ એન્ડ રજીસ્ટ્રેશન બુકસ એકટ-૧૮૧૭ ની કલમ ૮(બી) તળે ડીકલેરેશન રદ કરવાની પણ કાર્યવાહી કરવામાં આવશે.

આ હુકમ તા.૩૦.૦૯.૨૦૧૯ કલાક ૧૭.૦૦ થી સમગ્ર ચુંટણી પ્રક્રિયા પુર્ણ ના થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ/ઉલ્લઘન કરનાર ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળ આવતાં ૩૫- બહેરામપુરા વોર્ડ વિસ્તારને લાગું પડશે.

હું આથી આદેશ આપુ છું કે, આ હુકમની નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ નકલો ચોંટાડીને તથા સ્થાનીક વર્તમાન પત્રો દ્વારા પ્રસિધ્ધિ કરાવી, તેમજ આકાશવાણી અને દુરદર્શન ઉપરથી જાહેરાત કરાવવી.

આજ તારીખ ૩૦ માહે સપ્ટેમ્બર સને ૨૦૧૯ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

(એ.કે સિંઘ)
પોલીસ કમિશ્નર,
અમદાવાદ શહેર.

નકલ સવિનય રવાના:-

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિદેશક અને મુ.પો.અધિ.શ્રી ગુ.રા.ગાંધીનગર.
(૩) અધિક પો.મહાનિદેશકશ્રી (ઈન્ટે.) ગુ.રા.ગાંધીનગર.
(૪) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર.
(૫) કલેકટરશ્રી અમદવાદ/જીલ્લા ચુંટણી અધિકારી અમદાવાદ શહેર.
(૬) નિયામકશ્રી માહીતી ખાતુ ગુ.રા.ગાંધીનગર.
(૭) રજીસ્ટ્રારશ્રી હાઈકોર્ટ મીરજાપુર અમદાવાદ શહેર.
(૮) રજીસ્ટ્રારશ્રી સિવીલ અને સેશન્સ કોર્ટ અમદાવાદ શહેર.
(૯) રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ મીરજાપુર અમદાવાદ શહેર.
(૧૦) ચીફ મેટ્રોપોલીટન મીજીસ્ટ્રેટશ્રી અમદાવાદ શહેર.
(૧૧) જીલ્લા ચુંટણી અધિકારીશ્રી અમદાવાદ કલેકટર કચેરી સુભાષબ્રિજ સર્કલ પાસે, સાબરમતી
(૧૨) મુખ્ય ચુંટણી અધિકારીશ્રી ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

નકલ રવાના :-

(૧) સંયુકત પોલીસ કમિ.શ્રી સેક્ટર-૨ અમદાવાદ શહેર. ક્રાઈમ બ્રાન્ચ, અમદાવાદ શહેર.
(૨) અધિક પોલીસ કમિ.શ્રી સેક્ટર-૧, અમદાવાદ શહેર
(૩) અધિક પોલીસ કમિ.શ્રી ટ્રાફીક શાખા અમદાવાદ શહેર.
(૪) તમામ નાયબ પોલીસ કમિ.શ્રી અમદાવાદ શહેર.
(૫) મેનેજરશ્રી ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટવડોદરા તરફ ગેજેટ ભાગ-૧ માં પ્રસિધ્ધિ કરવા સારૂ.
(૬) તમામ મદદશી પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર.
(૭) સીનીયર સરકારી વકીલશ્રી અમદાવાદ શહેર.
(૮) જનસંપર્ક અધિકારીશ્રી (સ્થાનીક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરાવવા સારૂ.)
(૯) તમામ પો.ઈન્સ.શ્રીઓ અમદાવાદ શહેર (જાહેર જગ્યાઓએ નકલો ચોંટાટી લાઉડસ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ. )
(૧૦) પોલીસ ઈન્સ.શ્રી અમદાવાદ રેલ્વે પો.સ્ટે.
(૧૧) પોલીસ સબ ઈન્સ.શ્રી સાબરમતી રેલ્વે.પો.સ્ટે.